ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાનના બાંધકામ માટે જર્જરીત મકાનોને તથા વાહન ગેરેજ તોડી પાડવા અંગેની મંજૂરી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- SJED/MIS/e-file/17/2024/2175/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- /11/2024
10 DEC 2024

વંચાણે લીધા:

(૧) વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૩૭૪૬૨/ન.બા./છ

(૨) વિભાગના તા.૦૬/૧૨/૨૦૨૩ના સામાનાંકી ઠરાવ ક્રમાંક

(૩) વિભાગના તા.૧૯/૦૯/૨૦૨૪ના સામાનાંકી ઠરાવ ક્રમાંક

(૪) નિયામકશ્રી સમાજ સુરક્ષા કચેરીના તા.૧૮/૦૯/૨૦૨૪ના પત્ર ક્રમાંક:-DSD/0233/09/2024

<u>પ્રસ્તાવના:-</u>

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા સંપુર્ણ સુવિધા સભર અત્યાધુનિક મકાન બનાવવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) પરના વિભાગના ઠરાવથી રૂ.૧.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરીના દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૨)ના વિભાગના ઠરાવથી રૂ.૫૫૯.૨૮ લાખની તેમજ (૩)ના ઠરાવથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે રૂ.૯.૯૩ કરોડની સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. હાલમાં, નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી દ્વારા તેઓના વંચાણે લીધા ક્રમાંક (૪) પરની ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાનના બાંધકામ માટે જર્જરીત મકાનોને તથા વાહન ગેરેજ તોડી પાડવા અંગેની મંજૂરી બાબતની દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાનના બાંધકામ માટે ગુજરાત નાણાકીય નિયમોના નિયમ-૧૭૨ ની જોગવાઈ અન્વયે નાણાકીય સત્તા સોપણીના નિયમો-૧૯૯૮, પ્રકરણ- ૩ ના નિયમ – ૩૩(૪)ની શરતોને આધીન **અપંગ બાળગૃહના વાહન ગેરેજને તોડી પાડવા** વાહન ગેરેજની પી.આર.બી. વેલ્યુ રૂ.૫૦,૦૦૦/- થી વધુ હોઈ, મકાન તોડી પાડતા જે કિંમત ઉપજે તે સરકારશ્રીમાં જમા કરાવવાની શરતે તેમજ ગુજરાત સરકારના નાણાકીય સત્તા સોપણીના નિયમો-૧૯૯૮, **પ્રકરણ- ૩ ના** નિયમ – ૩૩(૪)**ની શરતોને આધીન અપંગ બાળગૃહના સુપ્રિટેન્ડન્ટ તથા ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ અને ચોકીદારના જર્જરિત અને ભયજનક મકાનો (ક્વાર્ટર્સ)ને તોડી પાડવાની આથી** મંજુરી આપવામાં આવે છે.

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાનના બાંધકામ માટે અપંગ બાળગૃહના વાહન ગેરેજને તોડી પાડવાની મંજૂરી નાણા વિભાગની તા.૦૯/૧૧/૨૦૨૪ તેમજ અપંગ બાળગૃહના સુપ્રિટેન્ડન્ટ તથા ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ અને ચોકીદારના જર્જરિત અને ભયજનક મકાનો (ક્વાર્ટર્સ)ને તોડી પાડવાની મંજૂરી વિભાગના અગ્રસચિવશ્રીની તા.૨૭/૧૧/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આપવામાં આવે છે.

(દ્રષ્ટિ શાહ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી , નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)